# ઉજ્જીવન ફાઈ.નો આઈપીઓ ૨૮ એપ્રિલના રોજ ખુલશે : પ્રાઈઝ બેન્ડ ૨૦૭ થી ૨૧૦




અમદાવાદ

ઉજ્જીવન ફાઈ. સર્વિ. લી. નોન બેંકીંગ ફાઈ. કંપની પાઈકો ફાઈ. ઈન્સ્ટીટ્યુશન છે.જેણે ૨૦૦૫ માં નોન બેંકીંગ ફાઈના.કંપની તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડીસે.૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭,૮૬૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસીત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રીય ગ્રાહકોને સેવા આપતી હતી. કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રીલે ખુલશે અને ૨ મેના રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ ૧૦ ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વીટી શેર દીઠ ૨૦૭ થી ૨૧૦ રૂા. છે. એન્કર ઈન્વેસ્ટર બીડ ઓફરનો સમયગાળો બીડ ઓફર ઓપનીંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રીલના રોજ રહેશે.

આઈપીઓમાં કંપનીના કુલ ૩,૫૮૧.૬૧ મીલીયનના નવા ઈક્વીટી શેર ઈશ્યુ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફએફ એમયુસી, સર્વે કેપીટલ, ડબલ્યુ સીપી, ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૬૮,૩૩૨ ઈક્વીટી શેરની ફોર સેલ ઈશ્યુ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ રૂા. ૨,૯૧૮.૩૯ મીલીયનનું મુલ્ય ધરાવતાં ૧૪,૨૩૬,૦૫૭ ઈક્વીટી શેરનું પ્રીઆઈપીઓ પ્લેસમેન્ટ પુર્ણ કર્યુ છે.